# નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે સાત દિવસીય રાષ્ટ્રીયકક્ષાની ઉંદર નિયંત્રણ તાલીમ

---

તારીખઃ૩ થી ૯ જુલાઈ, ૨૦૧૩ દરમ્યાન નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી અને નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ પ્લાન્ટ હેલ્થ મેનેજમેન્ટ હૈદ્રાબાદના સંયુકત ઉપક્રમે નવસારી કૃષિ યુનિવર્સિટીના એટીક હોલ ખાતે ૭ દિવસીય રાષ્ટ્રીયકક્ષાની ઉંદર નિયંત્રણ તાલીમનું આયોજન થયેલ હતું. જેમાં દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાના દરેક કૃષિ વિજ્ઞાન કેન્દ્રના એક–એક એમ સાત અધિકારીઓ, બે અધિકારી યુનિવર્સિટીના અને કૃષિ ખાતાના ૧૧ અધિકારીઓએ ભાગ લીધેલ હતો.




યુનિવર્સિટીના વિષય નિષ્ણાંતો તેમજ હૈદ્રબાદથી આવેલ આસીસ્ટન્ટ ડાયરેકટર શ્રીનિવાસન રાવે ઉંદરની વિવિધ પ્રજાતિઓ, ઉંદરની ખાસીયત, ઉંદરથી થતા નુકશાનના પ્રકારો, ઉંદર દ્વારા ફેલાતા રોગો, ઉંદર નિયંત્રણની વિવિધ પધ્ધતિઓ, ઝેરી ખાધ બનાવવાની પધ્ધતિઓ,ખેતરમાં ઝેરી ખાધનો ઉપયોગ કરવાની રીત વિગેરે સંબંધિત વિષયો ઉપર તાલીમ આપેલ હતી. નવસારી કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકની અધ્યક્ષતામાં તાલીમનું આયોજન થયેલ હતું.

---------